ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૧૭/૧૨૫૧૭
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબરઃ ૦૧/ ૩જો માળ, ગુજરાત રાજય,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખ:૦૪/૦૮/૨૦૧૭

વિષય:સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ઓગસ્ટ-૨૦૧૭ના પ્રવેશ સત્રમાં National Institute of Open Schooling ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત

પ રિ પ ત્ર :

આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, ઓગસ્ટ-૨૦૧૭ના પ્રવેશસત્રના બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાલ ચાલી રહેલ છે. નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ(NIOS) ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા અત્રે થયેલ રજુઆત મુજબ NIOS દ્વારા ધોરણ:૧૦ અને ધોરણ:૧૨ની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને નીચે દર્શાવ્યા મુજબના સર્ટીફિકેટ આપવામાં આવે છે.

૧. માર્કશીટ
૨. માઇગ્રેશન સર્ટીફિકેટ
૩. પ્રોવિઝનલ સર્ટીફિકેટ
૪. પાસીંગ સર્ટીફિકેટ

નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ(NIOS)ની પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓને અત્યાર સુધી ટ્રાયલ સર્ટીફિકેટ આપવામાં આવતા નથી અને આ કારણોસર કેટલાક સેન્ટરમાં NIOS માંથી ધોરણ:૧૦ અને ધોરણ:૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં (ITI) પ્રવેશ લેવામાં મુશ્કેલી પડે છે. આ બાબતે નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ(NIOS) સાથે ચર્ચા કરીને નીચે મુજબ પદ્ધતિ નકકી કરવામાં આવે છે.

૧. NIOS માંથી ધોરણ:૧૦ અને ધોરણ:૧૨ પાસ થયેલ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)માં પ્રવેશ આપવાનો રહેશે.

૨. NIOS ના સ્થાનિક સ્ટડી સેન્ટર દ્વારા ધોરણ:૧૦ અને ધોરણ:૧૨ પાસ થયેલ વિદ્યાર્થીઓને ટ્રાયલ સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવે છે અને તે આધારે ટ્રાયલની ગણતરી કરવાની

Downloads માં website પર મુકવું

રહેશે. કોઇ સંજોગોમાં ટ્રાયલ સર્ટીફિકેટ રજુ કરવામાં ન આવે તો નિયમોનુસાર તે વિદ્યાર્થીના પ્રયત્નો ગણી કાપવાપાત્ર ગુણ કાપી મેરીટ યાદીમાં સ્થાન આપવાનું રહેશે.

૩. રાજ્યની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટેના જે ધારા-ધોરણો નક્કી થયેલ છે તે NIOS માંથી ધોરણ:૧૦ અને ધોરણ:૧૨ પાસ થયેલ વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :</u>

૧. નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા / રાજકોટ / સુરત તથા આઈ.ટી.સી. વડોદરા તરફ.
૨. તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓ તરફ.
૩. વડી કચેરીની શાખાઃઘ (જીઆઈએ), શાખાઃ ચ(૬), આઈ.ટી.સેલ., જી.સી.વી.ટી. તરફ.
૪. સુપ્રિટેન્ડેન્ટશ્રી નેશનલ કેરીઅર સર્વિસ સેન્ટર ફોર ડીફરન્ટલી એબ્લેડ, અમદાવાદ કુબેરનગર, અમદાવાદ તરફ.

નકલ સવિનય રવાનાઃ

૧. કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૨-ડી, કર્મયોગી ભવન, છઠ્ઠો માળ, સેકટર-૧૦ /એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
૨. ટેકનિકલ નિયામકશ્રી, નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટરર(NIC), બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૩. ક્ષેત્રિય નિર્દેશકશ્રી, નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ(NIOS),એમ.એસ.બિલ્ડીંગ, "ડી" બ્લોક, ૭મો માળ, પથિકાશ્રમ નજીક, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧ આપની કક્ષાએથી ટ્રાયલ સર્ટીફિકેટ સંદર્ભમાં જરૂરી સૂચના સ્ટડી સેન્ટરને આપવા સારૂ.

નાડીયા/ N.I.O.S.Circular-2017 /